ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**કનુભાઈ એસ દવે**
પ્રમુખ, માનવસેવા મંડળ
વક્તા, ગાંધીકથા
મો. ૭૮૭૮૩ ૨૨૬૬૩



**વાઘેલા જીતેન્દ્રસિંહ ઈશ્વરસિંહ**
ઉપપ્રમુખ,
રાજપુત સમાજ, ગાંધીનગર
મો. ૯૪૦૬૦૮૪૬૬૬



**રેસુંગ ચૌહાણ**
માહિતી મદદનીશ
પાલનપુર
મો. ૯૯૭૮૮ ૯૪૨૮૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# બી.સી.એ. કૉલેજના વિદ્યાર્થીઓ ઔદ્યોગિક એકમની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૨

સાંપ્રત સમયમાં જ્યારે કમ્પ્યુટરાઈઝેશન અને ઓટોમેશનએ જીવન શૈલીનું અવિભાજ્ય અંગ બની રહ્યું છે ત્યારે આ વિષયોનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ અને વિસ્તૃત માહિતી મેળવવા માટે આજે કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટુડિઝ-બી.સી.એ.ના સેમિસ્ટર–૪માં અભ્યાસ કરતાં ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓએ રાજકોટ ખાતે આવેલી "બાલાજી વેફર"ના ઓટોમેશન પ્લાંટનો અભ્યાસ કરવા રૂબરૂ મુલાકાત લીધી હતી. મુલાકાતના આયોજન વિષેની વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહે જણાવ્યુ હતું કે ચાલુ શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવેલા સેમેસ્ટર–૪ના વિદ્યાર્થીઓ ક્લાસરૂમમાં કમ્પ્યુટરના વિવિધ વિષયોની જાણકારી અને પ્રેક્ટિકલનું જ્ઞાન મેળવે છે ત્યારે ઈન્ડસ્ટ્રીની જરૂરિયાત મુજબનું પ્રેક્ટિકલ જ્ઞાન અત્યારથી મેળવે તે ખૂબ જ જરૂરી છે આ ઉમદા હેતુ સાથે આ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિઝિટમાં વિદ્યાર્થીઓને ગ્રુપમાં વિભાજિત કરીને તેઓને બાલાજી વેફરના રૉ મટિરિયલ ક્લાસિફિકેશન પ્લાન્ટમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં મશીનરી દ્વારા બટાકાનું વોશિંગ, પિલિંગ, સ્લાઈઝીંગ, હીટિંગ, મિક્સચર અને ફ્લેવર એડિશન વગેરેનું ઓન-ગોઈંગ પ્રોડકશન અને ટેસ્ટિંગની જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત તેઓને પેકેજિંગ અને ડિસ્પેચિંગના ઓટોમેશન પ્લાન્ટની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી જેમના સંતોષકારક જવાબ પ્રાપ્ત કર્યા હતા. બાલાજી વેફરના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ચંદુભાઈ વિરાણીએ બાલાજી વેફરના દરેક ઓટોમેશન પ્લાંટની વિસ્તૃત માહિતી આપી હતી સાથે સાથે સાચા ઉદ્યોગ સાહસિક બનવા માટેની વિવિધ ટીપ્સ પણ વિદ્યાર્થીઓને આપી હતી. સાથે સાથે કમ્પ્યુટર સંચાલિત સાધનોથી થતી પ્રક્રિયા વિષેની જાણકારી તેઓને અત્યંત ઉપયોગી થઈ પડે તેમ હોઈ આખી પ્રક્રિયા વિશેની જાણકારી આપીને વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોનું સમાધાન પણ શ્રી ચંદુભાઈ વિરાણી દ્વારા આપવામાં આવ્યું હતું.




અત્રે ઉલ્લેખનીય છે કે ઔદ્યોગિક એકમની આ મુલાકાત માત્ર મુલાકાત ન બની રહે તે માટે મુલાકાતીઓને પહેલેથી જ, જે ઈન્ડસ્ટ્રીની મુલાકાત લેવાની હોય તેના વિષે માહિતી આપવામાં આવે છે. આ ઈન્ડસ્ટ્રીની મુલાકાત પહેલા વિદ્યાર્થીઓ દ્વારા એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવે છે જેના જવાબો મુલાકાત દરમ્યાન તેઓ મેળવતા હોય છે. મુલાકાત પૂરી થયા પછી સારા પરિણામ માટે જો કોઈ સુઝાવ હોયતો તે ઈન્ડસ્ટ્રીને મોકલી આપવામાં આવે છે અને મુલાકાતે ગયેલા વિદ્યાર્થીઓ દ્વારા અન્ય વિદ્યાર્થીઓને પ્રેઝેન્ટેશન દ્વારા તેઓએ જાણેલી અને જોયેલી વિગતો આપવામાં આવે છે.

સમગ્ર વિઝિટનું આયોજન કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ ડો. અભિજીતસિંહ જાડેજા, પ્રો. જૈમિની કુલકર્ણી, પ્રો. રીમા શેલત દ્વારા કરવામાં આવ્યું હતું. જેને સફળ બનાવવા માટે કોલેજના પ્રાધ્યાપક મિત્રો પ્રો. વિશાલ પટેલ, પ્રો. જિગ્નેશ પટેલ, પ્રો. ગિરીશ દવે અને ડો. રિચા મહેતાનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

# ડૉ. કનૈયાલાલ ભટ્ટનું BISAG દ્વારા 'વંદે ગુજરાત'ચેનલ પર પ્રેરક વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ – ગાંધીનગર દ્વારા ધોરણ – ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના સંદર્ભે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન મળે તે હેતુથી BISAG મારફતે " 'વંદે ગુજરાત'ચેનલ મહાનુભાવોના પ્રેરક વક્તવ્યોનું પ્રસારણ કરવામાં આવે છે.

જે ગુજરાતની સ્કૂલોમાં ધો. ૧૦ અને ૧૨ના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ નિહાળે છે. આ સંદર્ભે તા. ૨૨, ફેબ્રુઆરીના



રોજ ગાંધીનગરના સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટનું BISAG સ્ટુડિયો – ગાંધીનગર ખાતે લાઈવ વ્યાખ્યાન યોજાયું હતું

જેને ગુજરાતના ધો. ૧૦/૧૨ના લગભગ દશેક લાખ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને નિહાળ્યું હતું. આ વ્યાખ્યાનમાં ડૉ. ભટ્ટે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી અને જીવનલક્ષી પ્રેરણાદાયક માર્ગદર્શન આપ્યું હતું. તો વળી શિક્ષકો અને વિદ્યાર્થીઓના માતા પિતાઓને પણ સંબોધન કર્યુ હતું. વ્યાખ્યાનના આરંભે બોર્ડના સંયુક્ત નિયામક શ્રી બી. એન. રાજગોરે ડૉ. ભટ્ટનો પરિચય આપ્યોં હતો.

# શ્રી જે.એમ. ચૌધરી સા. પ્રા. વિદ્યાલય ખાતે વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી થઈ



ગાંધીનગર, તા. ૨૨

શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય, સેકટર-૭ ખાતે ૨૧ ફેબ્રુઆરીનાં દિવસે વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ-૬ થી ૮નાં વિદ્યાર્થીઓએ નાટક તેમજ લોકગીતોમાં ભાગ લીધો હતો. શાળાના આચાર્યા મીનાબેન ચૌધરીએ તથા ભાવનાબેન ચૌધરીએ માતૃભાષાનું મહત્ત્વ તથા શિક્ષણ તો માતૃભાષામાં જ થવું જોઈએ તેવી સમજણ આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન ચૌધરી ભાવનાબેન, હંસાબેન તથા ઉષાબેને કર્યું હતું.

# સાંપ્રત ગુજરાતી કવિતા 'સ્થિતિ અને સંકેત' વિષય પર એક દિવસીય રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

શ્રી મહાકાલ કૉમ્યૂનિકેશન, ગુજરાત સાહિત્ય અકાદમી અને શ્રી પી.એચ.જી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે સાંપ્રત ગુજરાતી કવિતા સ્થિતિ અને સંકેત વિષય પર એક દિવસીય રાજ્યકક્ષાનો સેમિનાર કલોલ કોલેજમાં યોજાયો.

તારીખ ૧૭.૦૨.૨૦૧૮ નારોજ શ્રી મહાકાલ કૉમ્યૂનિકેશન, ગુજરાત સાહિત્ય અકાદમી અને શ્રી પી.એચ .જી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ના સંયુક્ત ઉપક્રમે સાંપ્રત ગુજરાતી કવિતા સ્થિતિ અને સંકેત વિષય પર એક દિવસીય રાજ્યકક્ષાનો સેમિનાર કલોલ કોલેજમાં યોજાયો હતો .સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન શ્રી મહાકાલ કોમ્યુનિકેશન ના પ્રમુખ શ્રી શૈલેષ પંડ્યા 'ભીનાશ' દ્વારા કરવામાં આવ્યું હતું . પ્રાસંગીક ઉદબોધન કલોલ કોલેજના આચાર્ય



કે.સી. દેશમુખ અને ડો.એચ .કે સોલન્કી દ્વારા કરવામાં આવ્યું હતું. બીજરૂપવ્યાખ્યાન ગુજરાતી સાહિત્યના અગ્રણી કવિ મણિલાલ. હ. પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. સાંપ્રત ગઝલ વિષે ડો. સતીન દેસાઈ અને સાંપ્રત અછાન્દસ વિષે વિનોદ ગાંધી દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ મોટી સંખ્યામાં વિધાર્થીઓ હાજર રહ્યા હતા .

ઉત્તરગુજરાત સાહિત્યસભાના કવિમિત્રો ખાસ હાજર રહ્યા હતા. કેળવણી મંડળના મંત્રી શ્રી પ્રફુલ્લ ભાઈ તલસાણીયાએ દીપ પ્રાગટ્ય અને પ્રાસંગીક ઉદબોધન પણ કર્યું હતું .કાર્યક્રમમાં હાલમાં પી. એચ. ડી. થયેલા ધર્મેન્દ્ર પટેલ, શ્રી હર્ષદ સોલન્કી, મહેશ પંડ્યા નું સન્માન પણ કરવામાં આવ્યું હતું કાર્યક્રમના અંતે કાવ્યપાઠ અને વિદ્યાર્થીઓના પ્રતિભાવ બાદ સર્ટિફિકેટ વિતરણ કરાયા હતા. આભાર દર્શન ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કલોલ કોલેજમાં સમગ્ર કાર્યક્રમનું કો ઓર્ડિનેશન શ્રી એચ. કે. સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી મહાકાલ કૉમ્યૂનિકેશન કલોલ કોલેજ પરિવારનો હાર્દિક આભાર માન્યો હતો.

# લાંઘણજ કેળવણી મંડળ દ્વારા કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ'નું સન્માન


ગાંધીનગર, તા. ૨૨

શ્રી લાંઘણજ કેળવણી મંડળ ,પ્રમિલા વિ.કે. પટેલ એજ્યુકેશન સેન્ટર -મહેસાણા દ્વારા વરિષ્ટ સાહિત્યકાર શ્રી સતીન દેસાઈ 'પરવેજ' અને યુવા સાહીત્યકાર તરીકે શૈલેષ પંડ્યા 'ભીનાશ' નું એવોર્ડ આપી શાલ ઓઢાળી, સુતરની આંટી સાથે ગ્રંથ ભગવદગીતા આપી સન્માન કરવામાં આવ્યું. ખાસ તો આ સંસ્થાએ અનેક સાહિત્યકારોનું અને શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કર્યું છે અને આ પરંપરા છેલ્લા ૨૫ વર્ષથી નિરંતર ચાલે છે .

મહેસાણા ગ્રામ પંથકની આ સંસ્થા જે છેલ્લા ૮૪ વર્ષથી કાર્યરત છે એ એવું દૃઢ પણે માને છે કે સમાજનું સર્જન શ્રેષ્ઠ શિક્ષકો અને સાહિત્યકારો દ્વારા જ થાય છે અને એટલે અહીં અનેક સાહિત્યકારો સન્માનિત થયા છે. રઘુવીર ચૌધરી,ભોળાભાઈ પટેલ, આમ અનેક... સાહિત્યકારો આ સંસ્થાના મહેમાન બની ચુક્યા છે.

ખાસ વાત એ કે અહીંની શિસ્ત ઉડીને આંખે વળગે એવી હતી. શહેરને શરમાવે એવો અદ્યતન હોલ, અદભુત કોરીઓગ્રાફી સભર છોકરાઓ દ્વારા થયેલી પ્રાર્થના ..બહેનો નું સ્વાગતગીત... આ બધું ગમી જાય એવું જ હતું . આભાર મેહસાણા.

આ અગાઉ કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ' ની સાહિત્યિક યાત્રા ને સદભાવના એવોર્ડ - ખેડા જિલ્લો, ઉમ્મીદ એકતા એવોર્ડ -મહીસાગર જિલ્લો અને લાંઘણજ એવોર્ડ - મહેસાણા




જિલ્લો આમ વિવિધ સમાજ અને વિવિધ જિલ્લા દ્વારા સન્માનિત કરાતી રહી છે .આ પ્રંસગે કવિ શૈલેષ પંડ્યા એ એમના ઉધબોધનમાં વિધાર્થીઓ ને કવિતાઓ ની સાથે સાથે મોટિવેશનલ વાતો પણ કરી હતી.

# હર શાખ પે ઉલ્લુ બૈઠા, અંજામે ગુલિસ્તાં કયા હોગા ?

હર શાખ પે ઉલ્લુ બૈઠા, અંજામે ગુલિસ્તાં કયા હોગા ?

સમય સમયની બલિહારી છે માણસ કંઈ નક્કી કરે છે ને સમય કંઈક જૂદું જ રજું કરે છે. વિધિની વક્તા પણ ઘણી વાર વિસ્મયની સીમાથી મોટી હોય છે. દરેક દેશમાં અર્થવ્યવસ્થા, મધ્યસ્થ બેંક, બેન્કીંગ કાયદાઓ, વ્યવહારો હોય છે અને એ બધાની ઉપર સરકારની નજર રહે છે. જેથી આ સમગ્ર બેન્કીંગ પ્રણાલી સક્ષમ રીતે ચાલે અને રાષ્ટ્રના વિકાસમાં તેનું યોગદાન જળવાય રહે. ભારતમાં હવે અર્થવ્યવસ્થા તથા બેન્કીંગમાં નબળો તબક્કો શરૂ થઈ ગયો છે. બેંકોની એન.પી.એ. એવિરત વધતી જાય છે. તેમાંથી બહાર નિકળાતું નથી ત્યારે કરોડોના નવા નવા કૌભાંડો જાણવા મળે ત્યારે પ્રજાની અંદર રોષ - ઉદાસિનતાનો માહોલ છળાય જાય છે !! એક બાજુ બેરોજગારીની સમસ્યા તો બીજી તરફ આર્થિક અસમાનતાની વકરતી સ્થિતિની વચ્ચે દેશના બેકીંગને દિશાભ્રમ થઈ જાય તે પરિસ્થિતિમાં અમીર લોકોની વ્યવસ્થિત કૌભાંડી જાળમાં બેન્કો ભેરવાઈ રહી છે. નિરવ મોદી, એમી, થતા એમના પરિવારના સભ્યોએ બનાવટી એલ.ઓ.યુ. ઉપર વિદેશોમાંથી નાણા ખુબ વાપર્યા અને ૨૦૧૧ થી શરૂ થયેલ આ કૌભાંડ પ્રતિવર્ષ વધતું જ ગયું અને અંતે એ જાહેર થયું. એક સામાન્ય નાગરિકને નાનકડી લોન ઘર કે ધંધા માટે જોઈતી હોય તો પુષ્કળ માહિતીઓ, પત્રકો, આંકડાઓ, રિપોર્ટસ, ટેક્સના રિટર્નસ વગેરે આપણને જ પડે અને મહા મુશ્કેલી એ લોન મળે એ સ્થિતિમાં કરોડો બેંકમાંથી જાય અને આટલી સરળતાથી જાય ઉપરાંત આંતરિક કે બાહ્ય ઓડિટમાં પણ ના પકડાય એ અતિ વિસ્મયજનક તથા દુ:ખદ છે. પ્રશ્નની ખૂબ ઝીણવટપૂર્વક સ્થિતિના વિશ્લેષણ




બાદ એ ફલિત થયું છે કે

(૧) કોટ બેન્કીંગ ને શા માટે પૂર્ણતઃ બેંકના તમામ કામ માટે જોડ્યું નથી ?

(૨) સિસ્ટમ મુજબ કામ થયું તે ચેક કોણ કરે છે અને કયારે કરે છે ?

(૩) અતિ શ્રીમંતોના ધંધો ઉદ્યોગ ઉપર બેંકો અતિ વિશ્વાસ મૂકે છે કે પછી આ સવલતો અન્ય કોઈ માર્ગે પ્રાપ્ત કરવામાં આવે છે ? અનૈતિક કે અસત્યના માર્ગો વિશે કોઈને કશો રંજ હોય તેવું પણ જણાતું નથી. સંરક્ષણના મોરચે અધિકારીઓને ફસાવવાના કૌભાંડ જેવી જ રીત રસમો ચાલે છે કે શું ?

(૪) સ્વીફ્ટ મેસેજ કર્યા બાદ સિસ્ટમમાંથી ડિલીટ કરવામાં આવ્યું તો આ અંગે શાખા સ્તરે કોણ અને કેટલા જવાબદાર એ નક્કી નથી !!

(૫) બેંકોની માઠી એ છે કે નિમ્ન સ્તરે નાણાં ધીરવામાં વસૂલાતની સમસ્યા નડે છે ફાર્મ લોન્સમાં દેણ માફીની અપેક્ષાથી રિકવરી થતી નથી બીજી નોન ફાર્મ સેકટરમાં ધંધાએ નબળા પડ્યા છે. શિક્ષણ લોનમાં એન.પી.એ. વધ્યું છે એટલે પ્રશ્નો વધી રહ્યા છે કે નાણાં કયા હેતુ માટે કોને આપવા ?

અમીર લોકોનાં ધંધા-મિલકતો - પેપર્સ જોઈને વિશ્વાસ મુકે તો ત્યાં કૌભાંડો ઊભા થવા લાગે છે કે થઈ જાય છે. એક વાત બહુ નક્કર છે કે બેન્કીંગની કાર્યપદ્ધતિમાં પુષ્કળ છિદ્રો પડેલા છે, ભંગ કરનારા અધિકારીઓ પણ છે જેને કોઈ અજમાવે તો રસ્તો થઈ જાય છે. સિસ્ટમ ફેઈલ જાય છે જયારે કાર્ય કરનારા અપ્રામાણિક બને છે અથવા કોઈ બહારના પરિબળો દબાણ લાવે છે તે સ્પષ્ટ થયું છે. ત્રીજી બાબત નબળી કડી તરીકે એ છે કે કાયદાનો ભય નથી કેમ કે તેમાં વર્ષો નીકળી જાય છે. ચોથી બાબત મિલ્કતો દર્શાવી હોય તે મુજબ જ બધુ હકીકતમાં મળતું નથી. સમીક્ષા પદ્ધતિ બેન્કોના વ્યવહારોની યોગ્ય પ્રકારની ઊભી કરી શકયા નથી. અરે ભાઈ, ઓડિટ એન્ડ ઈન્સ્પેકશન શું કાર્ય કરે છે ? કેમ ના આ બહુ ત્વરિત જાહેર થાય અને પગલાં લેવાય ? બેંકને તો વિજીલન્સનું પ્રમાણપત્ર મળેલું છે પણ કૌભાંડ ૨૦૧૧થી ચાલી રહ્યું છે આ બાબત જ દર્શાવે છે કે બહુ જ ખરાબ રીતે બેંકો ચાલી રહી છે.

બેંકોમાં સ્વાયત્તતા નથી ઉપરાંત કાર્ય કરનારાના અભિપ્રાય વિશે કોઈ ગંભીરતા નથી ! ઉચ્ચ કક્ષાએ ચાલતા આર્થિક કૌભાંડોને કોમ છાવરે છે તે વિશે સરકારો પૂરો અભ્યાસ કરી એક શ્વેતપત્ર બહાર પાડવું જોઈએ કારણ કે પ્રજાના નાણા આ રીતે ઉડાવવા માટે હરગીજ નથી. શ્રીમંતોની સેવા - ગ્રાહક સેવામાં યોગ્યપણું અવશ્ય હોવું જોઈએ. કયાં જઈને અટકશે આપણી ભૌતિકવાદની આ ભૂખ ને વાસના ? હર ડાળી એ ઉલ્લુ બેઠેલા છે પછી બાગની હાલત શું થશે એ ચિંતનનો વિષય હોવા કરતા ચિંતાનો વિષય વધુ છે. સરકારે તો નિવેદન કરી ઓડીટરને જ માત્ર જવાબદાર કહ્યા છે ! વાસ્તવિક રીતે બેંકના મહત્ત્વના ઓડીટ જેવા કે રેગ્યુલર ઈન્ટરનલ ઓડીટ, ક્રેડીટ ઓડીટ, આર.બી.આઈ.નું સ્ટેચ્યુટરી ઓડીટ અને સિસ્ટમ ઓડીટ જે આવે છે તેમાંથી આવા કૌભાંડ છટકી શકે જ નહીં. હવે આ ક્ષેત્રમાં વધુ સફાઈ ઊભી થાય એ આશા કરીએ.

**શૅર આસ્વાદ :**

બેહિસાબ હસરતે ના પાલિએ
જો મીલા હૈ ઉસો જરા સંભાલિયે.

